SARDAR PATEL UNIVERSITY
B.Com. (II Semester) Examination
Saturday, 31 March 2018
10.00 am - 12.00 pm
UB02ECOM02 : Advanced Accounting & Auditing - IV
(Company Accounting)

કુલ ગુણ : ૬૦

પ્ર. 1 મેતપુર રજ્સ લિ.નુ તા. 31-3-2017 ના રોજનુ પાકુ સરવૈયુ નીચે મુજબ છે. (15)

| જવાબદારી | રકમ ₹ | મિલકતો | રકમ ₹ |
|---|---|---|---|
| ઈક્વિટી શેરમૂડી (દરેક ₹ 10) | 3,00,000 | પાઘડી | 15,000 |
| 10% ની પ્રેફરન્સ શેરમૂડી (દરેક ₹ 10) | 75,000 | મકાન | 2,55,000 |
| સામાન્ય અનામત | 75,000 | યંત્રો | 1,57,500 |
| 12% ડિબેંચર્સ | 1,50,000 | 10% સરકારી જામીનગીરી (*મૂળકિંમત – ₹ 1,50,000*) | 1,20,000 |
| લેણદારો | 10,000 | ગૌણકંપનીના શેર | 30,000 |
| ચૂકવવાના બાકી ખર્ચા | 30,000 | દેવાદારો | 60,000 |
| કારીગર નફાભાગ ભંડોળ | 15,000 | સ્ટોક | 75,000 |
| પ્રોવિડન્ટ ફંડ | 25,000 | રોકડ-બેંક | 15,000 |
| કરવેરાની જોગવાઇ | 70,000 | બાંયધરી કમિશન | 7,500 |
| | | ડિબેંચર્સ પર વટાવ | 15,000 |
| | *7,50,000* | | *7,50,000* |

નીચેની માહિતિ પરથી ચાર વર્ષના સરેરાશ અધિકનફાની ચાર વર્ષની ખરીદી જેટલી પાઘડી ગણો.

1. મકાન અને યંત્રોની હાલની બજારકિંમત અનુક્રમે ₹ 8,07,500 અને ₹ 1,12,500 છે. (પાઘડીના મૂલ્યાંકન માટે ઘસારામાં થનારા ફેરફાર અવગણો). બાકીની મિલકતો ચોપડે કિંમતે લેવાની છે.
2. આ પ્રકારના ધંધામાં અપેક્ષિત વળતરનો દર 10 % ગણી શકાય.
3. છેલ્લા ચાર વર્ષનો, 35% લેખે કરવેરા ગણ્યા પહેલાનો, નફો અનુક્રમે ₹ 2,10,000, ₹ 2,70,000, ₹ 1,80,000 અને ₹ 2,00,000 હતો.

અથવા

પ્ર.1 પિરજપુર લિ.નુ તા. 31-3-2017 ના રોજનુ પાકુ સરવૈયુ નીચે મુજબ છે.

| જવાબદારી | રકમ ₹ | મિલકતો | રકમ ₹ |
|---|---|---|---|
| ઈક્વિટી શેરમૂડી (₹ 10) | 12,00,000 | પાઘડી | 2,40,000 |
| 10% પ્રેફરન્સ શેરમૂડી (₹ 10) | 5,00,000 | જમીન મકાન | 18,00,000 |
| ડિવિડન્ડ સમીકરણ ફંડ | 3,00,000 | યંત્રો | 8,80,000 |
| સામાન્ય અનામત | 4,80,000 | ફર્નિચર | 3,00,000 |
| 8% ડિબેંચર્સ | 8,50,000 | 10% રોકાણો :- ધંધાકીય - 1,50,000 બિનધંધાકીય (*મૂળકિંમત - ₹ 1,20,000*) 1,50,000 | 3,00,000 |
| 9% બેંકલોન | 4,00,000 | સ્ટોક | 2,80,000 |
| લેણદારો | 2,60,000 | દેવાદારો | 1,70,000 |
| ચૂકવવાના બાકી ખર્ચા | 30,000 | અગાઉથી ચૂકવેલ ખર્ચા | 20,000 |
| દેવીહૂંડી | 10,000 | રોકડ-બેંક | 1,80,000 |
| કરવેરાની જોગવાઇ | 1,50,000 | પ્રાથમિક ખર્ચા | 10,000 |
| | *41,80,000* | | *41,80,000* |

વધારાની માહિતિ :-

1. યંત્રોનુ 10% જેટલુ વધુ મૂલ્યાંકન થયેલું છે.
2. અન્ય મિલકતો અને દેવા ચોપડે કિંમતે જ લેવાના છે.
3. અપેક્ષિત વળતરનો દર 15 % છે.
4. છેલ્લા ચાર વર્ષનો (35% લેખે કરવેરા પહેલાનો) નફો નીચે મુજબ છે :-
   2013-14 – ₹ 4,10,000, 2014-15 – ₹ 4,31,000, 2015-16 – ₹ 3,90,000, 2016-17 – ₹ 4,29,000
5. ચાર વર્ષના સરેરાશ અધિકનફાની ત્રણ વર્ષની ખરીદી જેટલુ પાઘડીનુ મુલ્ય નક્કી કરો.

(P.T.O)